# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 24-07-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURDAY** **National News**

આકાશવાણી સમાચાર કરણ મકવાણા વાંચે છે.

*************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બ્રિટનના પ્રધાનમંત્રી કીર સ્ટારમર સાથે વાતચીત કરશે.

2) કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહ આજે રાષ્ટ્રીય સહકારી નીતિ 2025 જાહેર કરશે.

3) કેન્દ્ર સરકારે તમામ રાજ્યમાં આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્રોના આધુનિકીકરણ અને વિસ્તરણ માટે પગલાં લીધા.

4) ભારત આજથી ચીનના નાગરિકોને પ્રવાસી વિઝા આપવાનું ફરી શરૂ કરશે.

5) 19 વર્ષનાં દિવ્યા દેશમુખ મહિલા ચેસ વિશ્વ કપની ફાઇનલમાં પહોંચનારાં પ્રથમ ભારતીય બન્યા.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM - UK VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બ્રિટનના પ્રધાનમંત્રી કીર સ્ટારમર સાથે વાતચીત કરશે. આ વાતચીત લંડનથી 50 કિલોમીટર ઉત્તરપશ્ચિમમાં સ્થિત બ્રિટિશ પ્રધાનમંત્રીના સત્તાવાર નિવાસસ્થાન ચેકર્સ ખાતે યોજાશે. બંને દેશો વચ્ચેના વ્યૂહાત્મક સંબંધોમાં નવી ગતિ લાવવા પર વ્યાપક વાટાઘાટો કેન્દ્રિત થવાની અપેક્ષા છે.

પ્રધાનમંત્રી મોદી સંરક્ષણ, વેપાર અને ટેકનોલોજીના ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સંબંધોને વિસ્તૃત કરવા માટે ગઈકાલે રાત્રે બે દિવસની મુલાકાતે યુનાઈટેડ કિંગડમ પહોંચ્યા હતા. શ્રી મોદીની મુલાકાતનું મુખ્ય પરિણામ ભારત-બ્રિટન મુક્ત વેપાર કરારનું ઔપચારિકરણ થવાનું છે.

સાંભળીએ એક અહેવાલ..

(વોઇસકાસ્ટ : RAJESH-BALI)

# AMIT SHAH - COOPERATIVE POLICY

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે નવી દિલ્હીના અટલ અક્ષય ઊર્જા ભવન ખાતે રાષ્ટ્રીય સહકારી નીતિ 2025ની જાહેરાત કરશે. આ નીતિ, જેને એક મુખ્ય સુધારા પહેલ તરીકે જોવામાં આવે છે, તે આગામી બે દાયકા, 2025થી 2045 સુધી ભારતની સહકારી ચળવળને માર્ગદર્શન આપશે.

સહકાર મંત્રાલયના જણાવ્યા અનુસાર, નવી નીતિ આ ક્ષેત્રને આધુનિક બનાવવા અને તેને "સહકાર દ્વારા સમૃદ્ધિ" ના વિઝન સાથે સંરેખિત કરવાના ઉદ્દેશ્ય સાથે ઘડવામાં આવી છે. તે "વિકસિત ભારત 2047" ના ધ્યેયને પ્રાપ્ત કરવામાં પાયાના સ્તરના વિકાસને વેગ આપવા અને સહકારી સંસ્થાઓની ભૂમિકા વધારવા માટે એક રોડમેપ તરીકે કામ કરશે.

ભારતની પ્રથમ રાષ્ટ્રીય સહકારી નીતિ વર્ષ 2002માં રજૂ કરવામાં આવી હતી, જે સહકારી સંસ્થાઓની આર્થિક પ્રવૃત્તિઓના સંચાલન માટે મૂળભૂત માળખું પૂરું પાડે છે. નવી નીતિનો હેતુ સહકારી સંસ્થાઓને વધુ સમાવિષ્ટ, વ્યાવસાયિક રીતે સંચાલિત અને ભવિષ્ય માટે તૈયાર બનાવવાનો છે. ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી સુરેશ પ્રભુની અધ્યક્ષતામાં 48 સભ્યોની સમિતિએ નવી નીતિ તૈયાર કરી છે.

# LS - MODERNISATION

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી ડૉ. એલ. મુરુગને કહ્યું, સરકારે તમામ રાજ્યોમાં આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્રોના આધુનિકીકરણ અને વિસ્તરણ માટે પગલાં લીધા છે.

લોકસભામાં એક લેખિત જવાબમાં ડૉ. મુરુગને જણાવ્યું હતું કે, કેન્દ્રોને સેન્ટ્રલ સેક્ટર સ્કીમ-બ્રોડકાસ્ટિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ નેટવર્ક ડેવલપમેન્ટ હેઠળ અપગ્રેડ કરવામાં આવી રહ્યા છે. આમાં બિહાર સહિત દેશભરમાં મોટા અપગ્રેડનો સમાવેશ થાય છે, જેથી જાહેર પ્રસારણને મજબૂત બનાવી શકાય.

તેમણે માહિતી આપી કે, 2021-2026ના સમયગાળા માટે કુલ બે હજાર 539 કરોડ રૂપિયાથી વધુના ખર્ચ સાથે આ યોજનાને મંજૂરી આપવામાં આવી છે. ડૉ. મુરુગને કહ્યું, આ યોજનાનું ધ્યાન પ્રસારણ સાધનોના ડિજિટલાઇઝેશન અને

આધુનિકીકરણ અને જૂની પદ્ધતિઓને બદલવા પર છે. ડૉ. મુરુગને ઉમેર્યું કે, સરકારે બિહારમાં પ્રસારણ માળખાના આધુનિકીકરણ માટે વિવિધ પ્રોજેક્ટ્સને પણ મંજૂરી આપી છે.

# LS DD FREE DISH

ડીડી ફ્રી ડિશ દક્ષિણ ભારતીય ભાષાઓના પ્રતિનિધિત્વ સાથે તેની પહોંચનો વિસ્તાર કર્યો છે. લોકસભામાં એક લેખિત જવાબમાં, માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી ડૉ. એલ મુરુગને જણાવ્યું કે સરકારે ડીડી ફ્રી ડિશ પર દક્ષિણ ભારતીય ભાષાની ચેનલોનું પ્રતિનિધિત્વ વધારવા માટે વિવિધ સક્રિય પગલાં લીધાં છે. તેમણે માહિતી આપી હતી કે વધુ સારા પ્રાદેશિક પ્રતિનિધિત્વ માટે, ડીડી ફ્રી ડિશ પ્લેટફોર્મની ઇ-હરાજીમાં દક્ષિણ ભારતીય ભાષાની ચેનલો માટે સ્લોટ અનામત રાખવામાં આવ્યા છે.

દક્ષિણ ક્ષેત્રમાં ખાનગી પ્રસારણકર્તાઓની વધુ ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે પાત્રતા ધોરણોને સરળ બનાવાયા છે. આ વર્ષે પહેલી એપ્રિલથી ત્રણ વધારાની દક્ષિણ ભારતીય ભાષાની ખાનગી ચેનલો - ટીવી૯ તેલુગુ, આસ્થા કન્નડ અને આસ્થા તેલુગુ, ડીડી ફ્રી ડિશ પર ઓનબોર્ડ કરવામાં આવી છે. દૂરદર્શનની પોતાની પ્રાદેશિક ચેનલો, જેમ કે ડીડી તમિલ, ડીડી સપ્તગિરિ, ડીડી ચંદના, ડીડી યાદગીરી અને ડીડી મલયાલમ પણ ઓનબોર્ડ કરવામાં આવી છે.

# LS MEDIA

માહિતી અને પ્રસારણ મંત્રાલયે જણાવ્યું છે કે ભારતમાં એક લાખ 55 હજારથી વધુ પ્રકાશનો અને 908 ખાનગી ટીવી ચેનલો સાથે એક જીવંત પ્રેસ-મીડિયા માળખું છે. લોકસભામાં એક લેખિત જવાબમાં, માહિતી અને પ્રસારણ રાજ્ય મંત્રી ડૉ. એલ. મુરુગને જણાવ્યું કે, ભારતના પ્રેસ રજિસ્ટ્રાર જનરલ સાથે નોંધાયેલા પ્રકાશનોની સંખ્યા વર્ષ 2014-15માં એક લાખ પાંચ હજારથી વધીને વર્ષ 2024-25માં એક લાખ 55 હજાર થઈ છે.

ખાનગી સેટેલાઇટ ટીવી ચેનલોની સંખ્યા પણ વર્ષ 2014-15માં 821થી વધીને 2024-25માં 908 થઈ છે. આજની તારીખે, ડીડી ફ્રી ડિશ પર 92 ખાનગી ચેનલો અને 50 દૂરદર્શન ચેનલો ઉપલબ્ધ છે. ખાનગી અને ડીડી બંને ચેનલો વિવિધ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યરત છે, જે સમગ્ર દેશમાં વ્યાપક પ્રેક્ષકો સુધી પહોંચ સુનિશ્ચિત કરે છે.

પ્રસાર ભારતીના નેટવર્કનો દેશભરમાં વિસ્તરણ એ બ્રોડકાસ્ટિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને નેટવર્ક ડેવલપમેન્ટ યોજના 2021-26 હેઠળ હાથ ધરવામાં આવતી સતત પ્રક્રિયા છે. હિમાચલ પ્રદેશમાં આ યોજના હેઠળ ત્રણ ટ્રાન્સમીટર મંજૂર કરાયા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# GUJARAT-ARREST

ગુજરાત આતંકવાદ વિરોધી ટુકડી ATSએ પ્રતિબંધિત આતંકી સંગઠન અલ કાયદા સાથે જોડાયેલા ચાર આતંકવાદીઓની ધરપકડ કરી છે. અમદાવાદમાં મીડિયાને સંબોધતા, ATSના DIG સુનિલ જોશીએ જણાવ્યું કે આરોપીઓ વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને શંકાસ્પદ એપ્લિકેશનો દ્વારા આતંકવાદી વિચારધારાનો સક્રિયપણે પ્રચાર કરી રહ્યા હતા.

તેમણે ઉમેર્યું હતું કે આરોપીઓ પર ગેરકાયદેસર પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ-UAPA ની વિવિધ કલમો અને ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ આરોપ મૂકવામાં આવ્યા છે. બે આરોપીઓને ગઈકાલે અદાલતમાં રજૂ કરાતા 14 દિવસની કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે, જ્યારે બાકીના આરોપીઓને આજે અદાલતમાં રજૂ કરાશે.

# INDIA-CHINA-VISA

પાંચ વર્ષ બાદ ભારત આજથી ચીની નાગરિકોને પ્રવાસી વિઝા આપવાનું ફરી શરૂ કરશે. બેઇજિંગમાં ભારતીય દૂતાવાસે એક સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું હતું કે, ચીની નાગરિકો ઓનલાઈન અરજી પૂર્ણ કર્યા પછી, એપોઇન્ટમેન્ટ શેડ્યૂલ કર્યા બાદ અને બેઇજિંગ, શાંઘાઈ અને ગુઆંગઝુમાં ભારતીય વિઝા અરજી કેન્દ્રોમાં વ્યક્તિગત રીતે પાસપોર્ટ અને અન્ય જરૂરી દસ્તાવેજો સબમિટ કર્યા પછી ભારતમાં પ્રવાસી વિઝા માટે અરજી કરી શકે છે. બંને દેશો 2020માં ગલવાન ખીણમાં થયેલી અથડામણ બાદ તંગદિલી ઓછી કરવા અને સંબંધો સુધારવાનો પ્રયાસ કરી રહ્યા છે. અગાઉ બંને દેશોએ કૈલાશ માનસરોવર યાત્રા ફરી શરૂ કરવાનો પણ નિર્ણય લીધો હતો.

# INDIA-ISRAEL-MEETING

ભારત અને ઇઝરાયલ લાંબા ગાળાના પરિપ્રેક્ષ્ય સાથે દ્વિપક્ષીય સંરક્ષણ સહયોગને વધુ મજબૂત બનાવવા સંમત થયા છે. સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહે ગઈકાલે નવી દિલ્હીમાં ઇઝરાયલના સંરક્ષણ મંત્રાલયના ડિરેક્ટર જનરલ આમિર બારામ સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી.

સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું, આ બેઠક દરમિયાન બંને દેશો સંરક્ષણ સંબંધોને વધુ ગાઢ બનાવવા માટે સંસ્થાકીય માળખું વિકસાવવા તરફ કામ કરવા સંમત થયા છે.

મેજર જનરલ આમિર બારામએ પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની નિંદા કરી અને આતંકવાદ સામે ભારતની લડાઈને સંપૂર્ણ સમર્થન આપ્યું હતું. સંરક્ષણ સચિવે રાજેશ કુમાર સિંહે આતંકવાદ પ્રત્યે ભારતના શૂન્ય સહિષ્ણુતાના અભિગમનો પુનરોચ્ચાર કર્યો હતો.

# LS-GAGANYAAN

દેશના પ્રથમ માનવ અંતરીક્ષ ઉડાન કાર્યક્રમના ગગનયાનના હ્યુમન રેટેડ લોન્ચ વ્હીકલનું ગ્રાઉન્ડ ટેસ્ટિંગ પૂર્ણ થઈ ગયું છે. વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે લોકસભામાં એક લેખિત જવાબમાં જણાવ્યુ કે, ક્રૂ મોડ્યુલ અને સર્વિસ મોડ્યુલ માટે પ્રોપલ્શન સિસ્ટમ્સ વિકસાવી તેનું પરીક્ષણ કરાયું છે.

સરકારે વર્ષ 2027માં સમાનવ અંતરિક્ષ ઉડાનનું લક્ષ્ય નક્કી કર્યું છે. આ ઉપરાંત વર્ષ 2035 સુધીમાં ભારતીય અંતરિક્ષ સ્ટેશન સ્થાપિત કરવાનું અને 2040 સુધીમાં પ્રથમ ભારતીયને ચંદ્ર પર મોકલવાનું લક્ષયાંક નક્કી કરાયું છે.

# FIDE WOMEN’S WORLD CUP

ચેસમાં, ભારતનાં 19 વર્ષનાં દિવ્યા દેશમુખ મહિલા વર્લ્ડ કપ 2025ની ફાઇનલમાં પહોચનારા પહેલા ભારતીય બન્યા છે. જ્યોર્જિયાના બાટુમીમાં ગઈકાલે સેમિફાઇનલની બીજી રમતમાં તેમણે ચીનના તાન ઝોંગીને  હરાવ્યા.

ભારતીય ચેસ સ્ટારે મંગળવારે પહેલી ગેમ ડ્રો કર્યા બાદ સેમિફાઇનલમાં પોતાના પ્રતિસ્પર્ધીને હરાવીને 1.5 અને 0.5થી જીત મેળવી હતી. જીત સાથે, દેશમુખે વર્ષ 2026માં યોજાનારી કેન્ડીડેટ્સ ટૂર્નામેન્ટમાં પણ સ્થાન મેળવ્યું અને

તેમનો પહેલો ગ્રાન્ડ માસ્ટર નોર્મ પણ મેળવ્યો. દિવ્યા દેશમુખ હવે ટોચનાં ક્રમાંકિત ચીનનાં લેઈ ટિંગજી અને ભારતના પહેલા ક્રમાંકના કોનેરુ હમ્પી વચ્ચે રમાનારી બીજી સેમી ફાઇનલના વિજેતા સામે રમશે.

# CRICKET-IND-ENG TEST

ક્રિકેટમાં, ભારત આજે માન્ચેસ્ટરના ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતે એન્ડરસન-તેંડુલકર ટ્રોફી શ્રેણીની ચોથી ટેસ્ટના બીજા દિવસે યજમાન ઇંગ્લેન્ડ સામે પોતાનો પહેલો દાવ ફરી શરૂ કરશે. ભારતીય સમય મુજબ બપોરે સાડા ત્રણ વાગ્યે મેચ શરૂ થશે.

પહેલા દિવસે ભારતે 83 ઓવરમાં ચાર વિકેટે 264 રન બનાવ્યા હતા. સાઈ સુદર્શને સૌથી વધુ 61 રન બનાવ્યા હતા, જ્યારે યશસ્વી જયસ્વાલે 58 રન બનાવ્યા હતા અને કેએલ રાહુલ સાથે 94 રનની ઓપનિંગ ભાગીદારી કરી હતી, જેણે 46 રન બનાવ્યા હતા.

પહેલા દિવસની રમતના અંતે, શાર્દુલ ઠાકુર અને રવિન્દ્ર જાડેજા બંને 19 રન બનાવીને અણનમ હતા.

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મયુર સોલંકી

1) આજના તમામ અખબારોએ વિવિધ સમાચારને મુખ્યશીર્ષકમાં સ્થાન આપ્યું છે. દિવ્ય ભાસ્કર લખે છે, નવા ઉપ-રાષ્ટ્રપતિ માટે થાવરચંદ ગેહલોત અને ઓમ માથુરનું નામ. "દહેજમાં F.I.R. પછી બે માસ સુધી ધરપકડ નહીઃ ગાઈડલાઈનને સુપ્રીમની મહોર" આ ગુજરાત સમાચારનું મુખ્યશીર્ષક છે.

2) સંદેશ મુખ્યશીર્ષકમાં લખે છે, "કૂલિંગ-ઑફ પિરિયડ"માં પોલીસ પતિ, સાસરિયા સહિત આરોપીઓની ધરપકડ નહીં કરી શકે, ઘરેલુ હિંસાના મામલે બે મહિના સુધી ધરપકડ નહીઃ SC

3) ગુજરાત, દિલ્હી અને નોઈડાથી ચાર આતંકી દબોચાયા – આ ફૂલછાબનું મુખ્યશીર્ષક છે. તો "PMની હાજરીમાં 28—29મીએ સંસદમાં ઑપરેશન સિંદૂર પર ચર્ચા"ને નવગુજરાત સમયે મુખ્યશીર્ષક બનાવ્યું છે. હિન્દી અખબાર રાજસ્થાન પત્રિકા લખે છે, સિંદૂર પર 28 સે શબ્દ-સંગ્રામ, દોનો સદનોમાં હોગી 16—16 ઘંટે ચર્ચા.

4) ગુજરાત A.T.S.એ આતંકી સંગઠન અલકાયદા સાથે જોડાયેલા ચાર લોકોની ધરપકડ કરી એ સમાચાર નવગુજરાત સમય, ગુજરાત સમાચાર સહિત મોટા ભાગના અખબારોમાં જોવા મળે છે.

5) નવગુજરાત સમય છેલ્લા પાના પર લખે છે, રાહુલ ગાંધી 26થી 28 જુલાઈ ગુજરાતની મુલાકાતે – નવા જિલ્લા-શહેર પ્રમુખોને સંબોધશે.

6) સંદેશે "અમદાવાદમાં બીજી વિમાન દુર્ઘટના ટળી – દીવની ફ્લાઈટના એન્જિનમાં આગ લાગી" શીર્ષક સાથેના સમાચાર છેલ્લા પાના પર લીધા છે.